## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




ભાઈઓ, પાર્ટીના સિનીયર નેતા તરીકે હું હમેશા આગળનું વિચારું છું... ચૂંટણી પરિણામ આવ્યા પહેલાં જ આપણે ક્યા મુદ્દા માટે હાર્યા તેનું ચિંતન અત્યારથી જ શરૂ કરી દઈએ...

# સે-૨૪ છાપરામાં બે પરિવાર વચ્ચે મારામારીના દ્રશ્યો સર્જાયા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ માં સાંઈબાબા મંદિર સામે આવેલા છાપરામાં ગુરૂવારના રોજ બે પરિવાર વચ્ચે મારામારીની ઘટના બનવા પામી હતી. જેમાં બુધવારના રોજ રાત્રીના સમયે સામાન્ય બાબતે બંન્ને પરિવારો વચ્ચે માથાકુટ થઈ હતી. જેથી એક પરિવારે પોલીસને ફોન કરી દેતા મામલો થાળે પડ્યો હતો. જો કે ગુરુવારના રોજ સવારે ફરીથી બંન્ને પરિવારો વચ્ચે માથાકુટને પગલે માત મારામારી સુધી પહોંચી ગઈ હતી. બંન્ને પરિવારોએ ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સેકટર-૨૪ છાપરામાં રહેતા ભીખાભાઈ મારવાડી (ઉં.વ.-૪૦)ની ફરીયાદ મુજબ તેમના દિકરાને બે દિવસ પહેલા લાલા પરમાર નામના યુવક સાથે બોલાચાલી થઈ હતી. લાલા પરમાર ફરીયાદી પાસે રહેતા નાગજીભાઈ મકવાણાનો મિત્ર છે. જે અંગે તેઓએ બુધવારના રોજ રાત્રીના સુમારે ફરીયાદીના પુત્ર સાથે ઝઘડો કર્યો હતો. જેથી ફરીયાદીના પુત્ર વિશાલે પોલીસ બોલાવતા બધા જતા રહ્યા હતા. ગુરુવારે સવારે આ અંગે નાગજીભાઈ અનેતેમનો ભાઈ રાકેશ બંન્નેએ ફરીયાદીને માથા તેમજ હાથમાં ધોકાથી મારમાર્યો હતો. ફરીયાદીને છોડવા તેમનો પુત્ર વિશાલ અને પત્ની વચ્ચે પડતા નાગજીભાઈના માતા ચંચીબેન અને જમાઈ હેમુભાઈ એ પણ અપશબ્દો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

તો બીજીતરફ ચંચીબેન મકવાણાએ ફરીયાદ નોંધાવી છે કે બુધવારે રાત્રે ભીખાભાઈ અને તેમનો પુત્ર વિશાલતેમના ઘર પાસે લાલા પરમારને બોલાવવા મુદ્દે ગાળાગાળી કરતા હતા. નાગજીભાઈ અને રાકેશભાઈને અપશબ્દો બોલવાની ના પાડી હતી. માથાકુટ વધતા વિશાલે પોલીસ બોલાવી દેતા તેમના બંન્ને પુત્રો ઘરે આવી ગયા હતા. સવારે બંન્ને ભીમાભાઈના ઘરે સમજાવવા ગયા ત્યારે તે ઉશ્કેરાઈ ગયા હતા. ધોકો લઈને મારવા આવ્યા હતા. બંન્ને ભાઈઓ પોતાના ઘરે જતા રહેતા પાછળ આવેલા ભીમાભાઈ, પત્ની મણીબેન અને પુત્ર વિશાલે તેમના ઘરે આવી ફરીયાદી સહિત ઘરના સભ્યોને ધોકા અને ગડદાપાટુનો માર માર્યો હતો. આ સાથે જ જાતિવિષયક અપશબ્દો બોલતા ચંચીબેને એટ્રોસીટી મુજબ ફરીયાદ નોંધાવતા પોલીસે બંન્ને પક્ષની ફરીયાદ લઈને આગળની તપાસ હાથ ધરી છે.

# આરટીઈ હેઠળ ૨૫ બાળકો પ્રવેશથી વંચિત રહે તેવી વકી

**ખાનગી સ્કૂલમાં પ્રવેશ માટે અરજીઓ કરનારા બાળકોની કેટેગરી વાઇઝ સોફ્ટવેર મારફતે પ્રવેશ યાદી તૈયાર થશે**

રાઈટ ટુ એજ્યુકેશન એકટ-આરટીઈ અંતર્ગત પહેલા ધોરણમાં પ્રવેશ મેળવવા ઓનલાઈન અરજી કરનાર બાળકોના વાલીઓને આગામી તા.૫મી મે બાદ પ્રવેશ ફાળવણીના મેસેજ મોકલવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી રહી છે. સાથે સાથે આ વર્ષે રિસિવિંગ સેન્ટરમાં બેન્કો કરતાં ૧.૨૮ લાખ વધુ અરજી આવી હોવાથી ૨૫ ટકા બાળકો પ્રવેશથી વંચિત રહેવાની શક્યતા છે. જો કે, હાઈકોર્ટના અગાઉના નિર્દેશ અને સરકારને તાકીદ બાદ કોઈપણ બાળક આરટીઈ હેઠળ પ્રવેશથી વંચિત ના રહી જાય તે માટેની સરકાર દ્વારા વ્યવસ્થા ગોઠવાવી જોઈએ તેવી માંગણી પણ વાલીઓમાં ઉઠવા પામી છે. ગત એપ્રિલમાં પહેલા અઠવાડિયાથી આરટીઈ અંતર્ગત ઓનલાઈન પ્રારંભ થયો હતો. આ વર્ષે આ પ્રક્રિયા મોડી શરૂ થઈ છે. પરંતુ હવે પહેલી પ્રવેશ યાદી તા.૬ મેના રોજ જાહેર થશે. હાલમાં ખાનગી સ્કૂલમાં પ્રવેશ માટે અરજી કરનારા બાળકોની કેટેગરી વાઈઝ સોફટવેર દ્વારા પ્રવેશ યાદી તૈયાર થઈ રહી છે. જે વિદ્યાર્થીને પ્રવેશ મળશે તેને એડમિશન કન્ફર્મ કરાવવું પડશે. નહીં તો તેમનું એડમિશન રદ થશે. આ વર્ષે રાજ્યભરમાં ઉપલબ્ધ ૧.૯૯ લાખ બેઠક સામે ૨.૪૫ લાખથી વધુ અરજી આવી હોવાથી ૨૫ ટકા જેટલાં બાળકો આરટીઈમાં પ્રવેશ મેળવશે કે કેમ તેને લઈ શંકા છે. આ વર્ષે ૧.૨૮ લાખ વધુ અરજી આવી છે.




મહારાષ્ટ્રના ગઢચિરોલી ખાતે લશકરી વાહનોના કાફલાને નકસલવાદીઓએ નીશાન બનાવી આઈઈડી બ્લાસ્ટ દ્વારા સી-૬૦ના ૧૬ કમાન્ડોને ઉડાવી દિધા હતા. આવા જધન્ય કૃત્યને લોકશાહીમાં ક્યારેય સ્થાન ના હોઈ શકે. કોંગ્રેસ પક્ષ આવા બાલીશ અને કાયર કૃત્યને સખત શબ્દોમાં વખોડીને શહીદ થયેલા જવાનોને અંતઃકરણથી શ્રધાંસુમન અર્પણ કરે છે. ગાંધીનગર ખાતે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીની આગેવાનીમાં ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ગઢચિરોલી ખાતે સી-૬૦ના શહીદ થયેલા ૧૬ કમાન્ડોને શ્રધાંજલી આપવા કાર્યક્રમ યોજાયો હતો. સદર કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રી નિસિતભાઈ વ્યાસ, શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ.કૌશિકભાઈ શાહ, વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, જીતેન્દ્રસિંહ સોલંકી, તેજાભાઈ દેશાઈ, રમેશભાઈ પરમાર, ખુમાનસિંહ રાણા સહીત મોટી સંખ્યામાં કાર્યકરો-આગેવાનો ઉપસ્થીત રહ્યા હતા.

## વરિષ્ઠ સાહિત્ય સર્જક ડૉ. કેશુભાઈ દેસાઈનો આજે ૭૧મા વર્ષમાં પ્રવેશ

ગાંધીનગરના જાણીતા સાહિત્યકાર અને યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડના પૂર્વ અધ્યક્ષ ડૉ. કેશુભાઈ દેસાઈ તા. ૩જી મે શુક્રવારે ૭૧મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યાં છે. પ્રયાગ ખાતેના હિન્દી સાહિત્ય સંમેલનમાં એવા સર્વોચ્ચ સન્માન ''સાહિત્ય વાચસ્પતિ'. (ડિ.લિટ્.)થી સન્માનિત ડૉ. કેશુભાઈ દેસાઈએ તેમની ઉમંર કરતા વધુ સંખ્યામાં સાહિત્યિક કૃતિઓનું સર્જન કર્યુ છે અને તેમની નવલકથાઓ-વાર્તાઓ હિન્દી, મરાઠી, પંજાબી, તમિળ, તેલુગુ, ઉડિયા તથા કન્નડ અને અંગ્રેજી ભાષામાં અનુવાદિત થયેલ છે. ઉત્તર ગુજરાતના ખેરાલુમાં જન્મેલા ખેડૂત પુત્ર ડૉ. કેશુભાઈ દેસાઈ મેધાવી શૈક્ષણિક કારકિર્દી સાથે એમ.એસ. યુનિવર્સિટીમાંથી એમબીબીએસ થઈ સતલાસણા તથા તલોદ ખાતે પોતાનું ક્લિનિક ચલાવતા હતા, પરંતુ સાહિત્ય સર્જક તરીકેનો જીવ હોવાથી નર્મદની જેમ તેમણે એક તબક્કે તબીબી વ્યવસાયને અલવિદા કહી કલમના ખોળે માથુ મુકી દીધુ.



શહેરમાં સે-૧૭ સ્થિત હનુમાન મંદિર ખાતે સંગીતમય રામકથાનુ આયોજન કરવામાં આવ્યુ છે. રામચરિત માનસ જ્ઞાનયજ્ઞના આયોજનથી ભાવિકો પણ અનોખા ભકિતના રંગમાં રંગાઈ ગયા છે. માટી સંખ્યામાં ભાવિકો આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લઈ રહ્યા છે.

## સાંઈબાબા મંદિરે દર બુધવારે મેડીકલ વાનની સેવાઓનો શુભારંભ

ગાંધીનગર, તા. ૨

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ તથા મોન્ટેકાર્લો લિ. અમદાવાદના સંયુક્ત ઉપક્રમે સહયોગી સંસ્થા ડૉ. હેડગેવાર સેવા સમિતિ, ગાંધીનગર મહાવીર શાખા સેક્ટર-૩-બી, સાંઈબાબા મંદિર ગાંધીનગર ખાતે દર બુધવારે મેડીકલવાનની સેવાઓનો શુભારંભ દિપપ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે નગર સંઘચાલક મનુભાઈ મોદી, જિલ્લા સંઘચાલક હર્ષદભાઈ પટેલ તથા હર્ષદભાઈ ગોરીયા અને ભાજપના હોદ્દેદારો વિનાયકભાઈ પટેલ તથા પ્રમુખ મહેન્દ્રભાઈ દાસ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ બુધવારે શ્રમિક પરીવારના ૨૫ જેટલા દર્દીઓએ નિઃશુલ્ક નિદાન અને દવાઓ



મેળવી સારવાર લીધી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલના કન્વીનર અને એપીએમસીના ડિરેક્ટર રામચંદ્રભાઈ જી. પટેલે કર્યું હતું. દર બુધવારે ૫ થી ૬ વાગે સાંઈ મંદિરે પાસે નિઃશુલ્ક ડૉકટરની સેવાઓ તથા દવાઓના લાભ લેવા સેક્ટર-૩, ૪, ૫ અને ૬ના વસાહતીઓને અનુરોધ કરવામાં આવે છે.

## ગાંધીનગર જિલ્લામાં પીવાના પાણીની કોઈ સમસ્યા નથી : પરબતભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ભરઉનાળામાં પણ તમામ ગામ અને શહેરમાં પીવાના પાણીનો જથ્થો પુરતી માત્રામાં અને યોગ્ય રીતે આપવામાં આવે છે. તેમજ પીવાના પાણીની સમસ્યા નથી. તેમ છતાં જે ગામોની ટ્યુબવેલ બનાવવા માટેની માંગણી કરવામાં આવી છે, તે કામને પ્રાધાન્ય આપવા માટે ભારપુર્વક જિલ્લા પ્રભારી મંત્રી અને પાણી પુરવઠા મંત્રી પરબતભાઈ પટેલે આજરોજ ગાંધીનગર જિલ્લાની મળેલી પીવાના પાણીની સમીક્ષા બેઠકમાં જણાવ્યું હતું.

જિલ્લા પ્રભારી મંત્રી પરબતભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, જિલ્લામાં સરેરાશ ૭૮૫ મી.મી. સામે ૩૪૮ મી.મી. વરસાદ થયો છે. જે જિલ્લાના સરેરાશ વરસાદ સામે ૪૪.૩૦ ટકા નોંધાયેલ છે. જિલ્લાના દરેક ગામોનો સમાવેશ નર્મદા આધારિત જુથ યોજનામાં કરવા આવ્યો છે. જિલ્લાના દરેક ગામોમાં પાણીના અન્ય સોર્સ હોવાથી ઉનાળાની ઋતુમાં પીવાના પાણીની તંગી વર્તાતી નથી. તેમ છતાં સ્થાનિક સોર્સ નિષ્ફળ જતાં તેની સામે નવીન સોર્સની જરૂરિયાત હોઈ તો દહેગામ તાલુકા સિવાયના ૧૦૦ ટકા ગ્રાન્ટમાં નવીન બોર પાણી પુરવઠા દ્વારા કરી આપવામાં આવે. વધુમાં અછત માસ્ટર પ્લાન વર્ષ-૨૦૧૮-૧૯ અંતર્ગત સંભવિત અછતવાળા ૫૯ ગામોમાં નવીન બોર કરવા માટે રૂ. ૬૮૦.૨૯ લાખનું આયોજન કરવામાં આવ્યું છે. મંત્રીએ વીજલાઈનની સુવિધાઓ તુરંત મળી રહે તે માટેની સુચારૂ વ્યવસ્થા ગોઠવવા માટે પણ જી.ઈ.બી.ના અધિકારીઓને ભારપૂર્વક જણાવ્યું હતું.

હાલમાં ગાંધીનગર જિલ્લામાં કુલ ૫૬૮ જેટલા બોર કાર્યરત છે. જેમાંથી ગાંધીનગર તાલુકામાં ૧૫૩, દહેગામ તાલુકામાં ૨૦૦, માણસા તાલુકામાં ૧૦૦ અને કલોલ તાલુકામાં ૧૧૫ બોર કાર્યરત છે. તે ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર તાલુકામાં ૧૭, કલોલ તાલુકામાં ૨૦, માણસા તાલુકામાં ૨૦ અને દહેગામ તાલુકામાં ૩૧ મળી કુલ-૮૮ બોર બનાવવા માટેની અરીઓ મળી છે. જેમાંથી ૮૧ બોર બનાવવાની મંજૂરી આપી દેવામાં આવી છે. ૭ બોરને મંજૂરી આપવાની બાકી છે, તે પણ ટુંક સમયમાં અપાઈ જશે. ૮૧ બોરમાંથી ૫૦ બોર બનાવવાનું કામ પુર્ણ કરવામાં આવ્યું છે. ૧૪ બોર બનાવવાના કામો પ્રગતિમાં છે. ગાંધીનગર જિલ્લામાં જ-૧, જી-૨, જી-૩ અને એમ-૧-૧ ભાગ જુથ યોજના અંતર્ગત ૧૭૧ ગામો અને ૪ શહેરોને પાણી આપવામાં આવે છે. ૮૪ ગામો સ્વૈચ્છિક રીતે પાણી લેતાં નથી. તેમજ ૩૬ ગામોને તાંત્રિત કારણોસર આ યોજનાનો લાભ આપી શકાતો નથી.

# પ્રજાલક્ષી પ્રશ્નોને વાચા આપવા મનપા ટ્વીટર એકાઉન્ટ શરૂ કરશે ??

**અમદાવાદ મ્યુ. કોર્પોરેશનની જેમ ગાંધીનગર મનપા પણ ટ્વીટર એકાઉન્ટ શરૂ કરે તેવી વધતી માંગ : પ્રધાનમંત્રીનો ડિઝીટલ ઈન્ડિયા અંતર્ગત ''સ્માર્ટસીટી'' દ્વારા સોશ્યલ મિડીયાના પ્લેટફોર્મનો ઉપયોગ કરવા નિર્દેશ છતાં તંત્રની ઉદાસીનતા**

ગાંધીનગર, તા. ૨

ગુજરાતના પાટનગર ગાંધીનગરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ કરાયો છે પરંતુ શિક્ષિત શહેર હોવા છતાં હજુ પણ મહાનગર પાલિકા દ્વારા પ્રજાલક્ષી પ્રશ્નો માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ડિઝીટલાઈઝેશન અંતર્ગત સોશ્યલ મિડીયાના પ્લેટફોર્મનો ઉપયોગ કરવાની હિમાયત હોવા છતાં ટ્વીટર કે તે પ્રકારના અન્ય કોઈ એકાઉન્ટનો ઉપયોગ કરવાનું ટાળવામાં આવી રહ્યું છે. આજની યુવા પેઢી સહિત મોટા ભાગના નાગરિકો હવે સોશ્યલ મિડીયાનો ભરપુર ઉપયોગ કરતા હોવાથી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પણ પ્રજાની સમસ્યાઓને વાચા આપવા ટ્વીટર એકાઉન્ટનો ઉપયોગ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.



શહેરમાં અનેકવિધ નાની-મોટી સમસ્યાઓનો પ્રજાને સામનો કરવો પડતો હોય છે પરંતુ દરેક વ્યક્તિ પોતાના નોકરી-ધંધા-વ્યવસાય સહિત સામાજિક કાર્યો વગેરેમાં વ્યસ્ત હોવાને કારણે મહાનગરપાલિકાને રૂબરૂ જઈને ફરિયાદ કરી શકે તેવી સ્થિતિમાં હોતો નથી. થોડા સમય પૂર્વે મનપા દ્વારા સ્વચ્છતા સંદર્ભે મોબાઈલ એપ શરૂ કરવામાં આવી હતી જેમાં નાગરિકો ગંદકીના ફોટા લોકેશન સાથે અપલોડ કરી શકતા હતા જેથી તેના આધારે સફાઈતંત્ર તે ગંદકીનો નિકાલ કરવાની કામગીરી હાથ ધરતુ હતુ. આ મોબાઈલ એપ માત્ર સ્વચ્છતાલક્ષી કાર્યો માટે જ હતી જે ભારત સરકારના સ્વચ્છતા અભિયાન અંતર્ગત ચલાવાય છે. પરંતુ શહેરમાં અનેકવિધ સમસ્યાઓ જેવી કે પાણી ના આવવું, વિજપોલ બંધ હોવો, સ્ટ્રીટલાઈટ બંધ હોવી, ગટર ઉભરાઈ જવી વગેરે માટે ફરિયાદ કરવી જરૂરી બનતી હોય છે. આ માટે સોશ્યલ મિડીયાનું પ્લેટફોર્મ ઉત્તમ માધ્યમ સાબિત થઈ શકે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટ્વીટર એકાઉન્ટ ચલાવાય છે જેને અનેક અમદાવાદીઓ ઉપયોગ કરી તેમની સમસ્યા ઝડપથી ઉકેલી શકે છે, તો ગાંધીનગરમાં મહાનગરપાલિકા શા માટે ટ્વીટર એકાઉન્ટ નથી શરૂ કરતી ?? મનપા દ્વારા સત્વરે ટ્વીટર એકાઉન્ટ શરૂ કરાય તેવી માંગ શહેરમાં બળવતર બનતી જાય છે.

### પીએમઓએ પત્ર લખ્યો છતાં અવગણના..!!!

''ગાંધીનગર ચમકાવુ છે'' નામથી શહેરની નાની-મોટી સમસ્યાઓને તંત્ર સુધી પહોંચાડી તેનો ઉકેલ શોધવા માટે પ્રયાસ કરવાના આશયથી ફેસબુક પેજ અને વ્હોટસએપ ગૃપ ચાલી રહ્યું છે. આ ગૃપ દ્વારા પીએમઓ કાર્યાલયની વેબસાઈટ પર ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ટ્વીટર એકાઉન્ટ શરૂ કરવા ફરિયાદ કરવામાં આવી હતી જેના સંદર્ભે પીએમઓ દ્વારા મનપાને પત્ર લખવામાં આવ્યો છે તેવો ફીડબેક પણ પ્રાપ્ત થયો હતો આમ છતાં મનપા દ્વારા અગમ્ય કારણોસર આ પત્રનો જવાબ આપવાનું પણ ટાળવામાં આવ્યું છે અને ટ્વીટર એકાઉન્ટ પણ શરૂ કરાયું નથી.



અત્યારે હાલ પાનખરની રૂતુ ચાલી રહી હોવાથી શહેરની વનરાજીમાં સુકા પાંદડાના ઢગ જોવા મળે છે. ગ્રીષ્મના પવનોને કારણે આ સુકા પાંદડામાં ઘર્ષણ થવાથી ક્યારેક આગ સળગી ઉઠે છે. વળી ઘણીવાર અમુક તત્વો દ્વારા આવા સુકા પાંદડાના ઢગને સળગાવવાનું કૃત્ય પણ કરવામાં આવતુ હોય છે. બંન્ને પરિસ્થિતિમાં સુકા પાંદડા બળવાને કારણે આસપાસની લીલી વનરાજીને નુકશાન થવા સાથે પર્યાવરણ માટે પણ હાનીકારક બને છે. સેકટર-૧૦ માં ગુરુવારની સાંજના ૫ કલાકના અરસામાં ગુજરાત સ્ટેટ ક્રાંઈમ રેકોર્ડની ઓફીસની દિવાલને અડીને પાંદડાનો જથ્થો સળગી ઉઠ્યો હતો. આ આગમાં લીલા વૃક્ષોની ડાળીઓને પણ નુકશાન થવા પામ્યું હતું. જાહેરમાં કચરો નહીં સળગાવવાનો નિયમ હોવા છતા શિક્ષિત નગરમાં જાહેરમાં આગ સમયાંતરે જોવા મળે છે. જયારે કેટલાક કિસ્સામાં આગ અચાનક વધુ પ્રસરી જાય તો ફાયર બ્રિગેડને કોલ કરીને બોલાવીને આગ પર કાબુ મેળવવામાં આવે છે. ત્યારે આ આગ કયા કારણોસર લાગી તે તો તપાસ થાય તો જ જાણી શકાય..?

# પાંચમી મેના રોજ વિંગ્સ ફોર લાઈફ વર્લ્ડ રન

ઈન્ડસ યુનિવર્સિટી, અમદાવાદ તમને તમારી શૂલેસીસ તંગ કરીને અમદાવાદના ટ્રેક્સ પર દોડવા માટે અનુરોધ કરે છે, જે વિંગ્સ ફોર લાઈફ વર્લ્ડ રન એપ તા.૫મી મે, ૨૦૧૯ના રોજ યોજાશે. આ વૈશ્વિક દોડને લઈ સ્પર્ધકોમાં પણ ભારે ઉત્સાહ છવાયો છે. તેના છઠ્ઠા વર્ષમાં રનરોનું અમદાવાદ હીટના પડકારોને બીટ કરવા માટે સ્વાગત છે. તો ઈન્ડસ યુનિવર્સિટીમાં અને આસપાસ સ્ટ્રીટ્સ પર દોડો અને તમારા ફ્રેન્ડ્સ સાથે મીટ કરો, ઈન્ડસ યુનિવર્સિટી, અમદાવાદ જ્યાં સુધી કે વર્ચ્યુઅલ કેચર કાર તમારા સુધી નહીં પહોંચે. વિંગ્સ ફોર લાઈફ વર્લ્ડ રનની ૨૦૧૯ની આવૃત્તિમાં ઈવેન્ટની વિખ્યાત મુવિંગ ફિનિશ લાઈન ધ કેચર કાર માટે ફ્રેશ સ્પીડ કોન્સેપ્ટ ફીચર છે. સાગમટે વૈશ્વિક દોડને વધુ રોમાંચક બનાવવા માટે કેચર કાર સ્પીડ વધારવામાં આવશે, ખાસ કરીને રેસના મહત્ત્વપૂર્ણ પાછલા તબક્કામાં તે વધારાશે. રેસનો વૈશ્વિક આરંભ સમય તા.૫ મેના રોજ સવારે ૧૧.૦૦ કલાક યુટીસી હશે અને કેચર કાર સવારે ૧૧.૩૦ કલાક યુટીસીએ ૩૦ મિનિટ પછીથી દોડશે, જે પછી વેલોસિટીમાં નોંધનીય જમ્પસ રહેશે. જેમાં વધુ રોમાંચક ફિનિશ પૂરી પાડતી ટૂંકી રેસ માટે છેલ્લો સહભાગી આશરે ૬૫થી ૭૦ કિલોમીટરે પકડાતો જોવા મળશે. તમારા સ્થળે દિવસ હોય કે રાત, કાળઝાળ ગરમી હોય કે વરસાદ પડતો હોય- તમે દુનિય સાથે દોડો છો અને અદભુત અનુભવનું આદાનપ્રદાન કરો છો. તમારું નામ વૈશ્વિક પરિણામોની યાદીમાં પણ જોવા મળશે. અમદાવાદ ખાતે તા.૫ મેના રોજ ઈન્ડસ યુનિવર્સિટી, અમદાવાદમાં રોમાંચક દોડનો અનુભવાશે. ભાગ લેવા ઈચ્છતા ઉમેદવારો વિંગ્સ ફોર લાઈફવર્લ્ડરન.કોમ પર સર્ચ કરી નોંધણી કરાવી શકે છે. વિંગ્સ ફોર લાઈફ વર્લ્ડ રન પહેલ પર ભારતનો ઉત્કૃષ્ટ ઓફ રોડ રેસર સીએસ સંતોષે જણાવ્યું હતું કે, મારા ફ્રેન્ડ ડેનિયલ મેકોયને મણકાની ઈજા થઈ છે. સારું છે અને સતત સારો થવા કામ કરી રહ્યો છે અને તે હજુ પણ બહાર જાય છે અને તેને ગમે તે બધું જ કરે છે, જે તેના માનસિક પરિપ્રેક્ષ્યથી બહુ જ હકારાત્મક છે અને તેની હિંમત વિશે એ ઘણું બધું કહી જાય છે.



## સે-૩ ન્યુ સિનીયર સિટીઝનનો પાવાગઢનો પ્રવાસ યોજાયો

સેકટર-૩ ન્યુ વસાહત મંડળ અને યોગ પરિવારના સંયુકત ઉપક્રમે શહેરના સેકટર-૩ ન્યુ ખાતે વસવાટ કરતા સિનીયર સિટીઝનો દ્વારા તાજેતરમાં પાવાગઢ, ગલતેશ્વર, ડાકોર, મહેમદાવાદ ગણપતિબાપાના દર્શન નો પ્રવાસ યોજાયો હતો. આ પ્રવાસમાં સેકટરના ૫૪ સિનીયર સિટીઝનોએ ભાગ લીધો હતો. સવારથી સાંજ સુધી યોજાયેલા પ્રવાસમાં વડીલોએ મન ભરીને વિવિધ ધાર્મિક પ્રવાસન સ્થળોની મોજ માણી હતી અને ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રવાસને સફળ બનાવવા માટે સેકટરના આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.